**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૩/૦૬/૨૦૧૭ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૧૫૦/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૧૨૫ લીટર દેશી દારૂ, ૮૧ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૧/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૨/૧૭**

**વસ્ત્રાપુરઃ** શ્રીકાંત કુન્દનલાલ અગ્રવાલ (રહે. ગોયલ ઇંટરસીટી ટી.વી.ટાવર સામે ડ્રાઇવ ઇન રોડ થલતેજ) એ તા.૨/૬/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જાન્યુઆરી ૨૦૧૬થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મનોજ વાસુદેવ મોહતા (૨) કવીતા મનોજ મોહતા અને (૩) યોગેશ વાસુદેવ મોહતા ( શુભમ સુગર સપ્લાયરનાભાગીદાર) (તમામ રહે. કર્ણાવતી એપાર્ટમેન્ટ નાનજીપાર્ક સોસાયટી નજીક, ઇસનપુર રોડ) એ ભેગા મળી બોડકદેવ પકવાન હોટલની બાજુમા બી કોમર્સિયલ કોમ્પ્લેક્ષ દુકાન નં- એ/૨૯ તથા એ/૨૯/એ ઓફિસ ઉપર બેંકની લોન લીધેલ હોય છતા ઉપરોક્ત દુકાનો શ્રીકાંત અગ્રવાલને રૂપિયા ૫૬,૫૦,૦૦૦/- વેપાર કરાર કરી આપી દસ્તાવેજ નહી કરી આપી અને બેંકની એન.સી નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ એ વાઘેલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૩/૧૭**

**કાગડાપીઠઃ (૧)** રાજકુમાર પ્રેમસાગર શર્મા (રહે.વોર્ડ નં-૫૨ પ્રીતમની ઘંટીની પાસે નાદરીયાની માતા ગોડા કંમ્પુ લશ્કર ગ્વાલીયર મધ્યપ્રદેશ) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૬/૧૭ કલાક ૫/૧૫ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન ઘંટાકર્ણ માર્કેટની પાસે બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડની સામે આવેલ સીટી બસ સ્ટોપની ખુરશી ઉપરથી એક્ટીવા ચલાવી આવેલ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનો ) એક પુરૂષ નજર ચુકવી રાજકુમાર શર્માની બેગની ચોરી કરી લઈ ગયો હતો. બેગમાં રૂપિયા ૮૦,૧૫૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એમ વાઘેલા ચલાવે છે.

**(૨)** વિલાસભાઇ ખેમચંદભાઇ પાટીલ (રહે. પ્રમુખ આશિષ સોસાયટી, સનફાર્મા રોડ અટલાદરા વડોદરા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૬/૧૭ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે ગીતામંદિર બસ સ્ટેન્ડ પ્લેટ ફોર્મ નં-૨ પર અમદાવાદ વડોદરા ઇન્ટરસીટી બસમાં વિલાસભાઈની નજર ચુકવી વિલાસભાઈ પાટીલની બેગની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. બેગમાં રૂપિયા ૨૪,૯૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એમ વાઘેલા ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૫૪/૧૭</u>**

**આનંદનગરઃ** દિપલ દિલીપભાઈ શાહ (ઉ.વ.૪૧) (રહે.નટવર શ્યામ સોસાયટી હેવનપાર્ક પાસે રામદેવનગર સેટેલાઈટ) તા.૨/૬/૧૭ સવારના ૭/૪૫ વાગ્યાના સુમારે સેલ્બી હોસ્પીટલ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ દિપલ શાહના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ દિપલ શાહે આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એન ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.